**જીરવાનથી**

ક્રમાંક: જી-૧/એસઆરપી/એસઆરપીસુવિધા/ ૭૬૬ /૦૯
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
**પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**
તા. ૩ /૧૦/૨૦૦૯
૨૧

**વિષય:** એસ.આર.પી. ડીપ્લોયમેન્ટ બાબતે અને એસ.આર.પી. પોઇન્ટ ઉપર અપાતી જરૂરી સુવિધાઓ બાબતે.

**હવાલો:** (૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમોના પત્ર ક્રમાંક: પીએ/આરબીએસ/એડીજીપી/૦૫/૨૦૦૦, તા. ૧૫-૧૨-૨૦૦૦
(૨) પોલીસ મહાનિદેશકશ્રીની કચેરીના પરિપત્ર-૧ ક્રમાંક: એસસીઆર/એસઆરપી/૧૦૫/૨૦૦૨, તા. ૧૧-૧-૨૦૦૨

**સ્થાયી હુકમ નં. ૯/૦૯**

એસ.આર.પી. ડીપ્લોયમેન્ટ બાબતે અને એસ.આર.પી. પોઇન્ટ ઉપર અપાતી જરૂરી સુવિધાઓ અંગે ધ્યાનમાં આવેલ છે કે જીલ્લાઓ અને શહેરોમાં ઉપરોક્ત પરિપત્રોથી આપેલ સૂચનાઓની અમલવારીમાં સંતોષકારક પ્રગતિ થઇ નથી. જેથી કેટલીક સૂચનાઓનું પુનરાવર્તન કરવાની ફરજ પડી છે.

૨. એસ.આર.પી. દ્વારા કરવામાં આવેલ એક સર્વે પ્રમાણે જીલ્લાઓ અને શહેરોમાં સર્વેના સમયગાળા દરમિયાનના ૪૩૬ ફીક્સ પોઇન્ટો ઉપર નીચે મુજબની સુવિધાઓનો અભાવ હતો.

(૧) ૧૮૦ પોઇન્ટો ઉપર રહેણાંકની સુવિધા અપૂરતી હતી.
(૨) ૨૮૧ પોઇન્ટો ઉપર લાઇટીંગ અને પંખાની સુવિધાઓ ન હતી.
(૩) ૪૧૫ પોઇન્ટો ઉપર રસોડાની સુવિધા ન હતી.
(૪) ૧૭૪ પોઇન્ટો ઉપર પાણીપૂરવઠાની સુવિધા ન હતી.
(૫) ૨૨૪ પોઇન્ટો ઉપર જાજરૂની સુવિધા ન હતી.

સુવિધાનો અભાવ અમદાવાદ શહેર અને વડોદરા શહેરમાં વધારે પ્રમાણમાં જોવામાં આવેલ હતો.

૩. સર્વેમાં જોવામાં આવેલ હતું કે કેટલાક પોઇન્ટો બે વર્ષથી પણ વધુ સમયથી ફીક્સ પોઇન્ટ તરીકે ચાલુ હતા. આવા દાખલાઓ અમદાવાદ શહેરમાં વધારે મળ્યા હતા.

૪. વર્ષો સુધી પાણી, જાજરૂ જેવી પ્રાથમિક સુવિધા વગરના ફિક્સ પોઇન્ટો ઉપર એસ.આર.પી. ના માણસો સતત ફરજ બજાવે તો તેમની કાર્યદક્ષતા, ગુણવત્તા અને નૈતિક જૂસ્સા ઉપર વિપરીત અસર પડે છે અને તેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ થાય છે.

૫. લાંબાગાળાના ફીક્સ પોઇન્ટોને જે તે પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષક રીવ્યુ કરશે અને તેને કલોઝ કરવા પગલાં લેશે. જયાં આ પોઇન્ટો કલોઝ નહિ કરી શકાય ત્યાં રહેવાની સગવડ અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પગલાં લેશે. લાંબાગાળા માટે ફીક્સ પોઇન્ટ ચાલુ રાખવાના હોય તો બેરેક અથવા ભાડાના રૂમની વ્યવસ્થા કરવા સૂચના છે.

૬. આવા લાંબાગાળાના ફીક્સ પોઇન્ટ ઉપર એસ.આર.પી.નો ખોટી રીતે દુરૂપયોગ નહિ થાય તે જોવું. ગાર્ડ ડયુટી, કેદીપાર્ટી જેવી ફરજો માટે એસ.આર.પી. નો ઉપયોગ કરી શકાય નહિ તેવી સૂચનાઓ વારંવાર અપાયેલ છે તેનું ફરીથી પુનરાવર્તન કરવામાં આવે છે.

૭. જે ગામ, મહોલ્લામાં એસ.આર.પી. ફાળવવામાં આવેલ છે તે એસ.આર.પી. એલર્ટ છે કે કેમ? તેમની ફરજો અંગે બ્રિફીંગ કરવામાં આવેલ છે કે કેમ? તેની સાથે લોકલ પોલીસના માણસો રાખેલ છે કે કેમ? લોકલ પોલીસના માણસ હાજર છે કે કેમ? તે અંગે પોલીસ અમલદારો નીચે મુજબ દરેક પોઇન્ટની મુલાકાત લેશે.

**<u>સિટી અને ટાઉન વિસ્તાર</u>**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રી | દરરોજ પોઇન્ટની મુલાકાત લેશે. |
| મદદનીશ પોલીસ કમિશનર/નાયબ પોલીસ અધીક્ષકશ્રી | દર અઠવાડિયે પોઇન્ટની મુલાકાત લેશે. |
| નાયબ પોલીસ કમિશનરશ્રી( સિટી વિસ્તારમાં ) | દરેક પોઇન્ટની પંદર દિવસે મુલાકાત લેશે. |
| અધિક પોલીસ કમિશનર/સંયુકત પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષકશ્રી | દરેક પોઇન્ટની મુલાકત દર માસે લેશે. |

**<u>ગ્રામ્ય વિસ્તાર</u>**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રી | દર અઠવાડિયે પોઇન્ટની મુલાકાત લેશે. |
| સર્કલ પોલીસ ઇન્સ્પેકટરશ્રી | દરેક પોઇન્ટની પંદર દિવસે મુલાકાત લેશે. |
| નાયબ પોલીસ અધીક્ષકશ્રી | દરેક પોઇન્ટની મુલાકત દર માસે લેશે. |
| પોલીસ અધીક્ષકશ્રી | દરેક પોઇન્ટની મુલાકત દર બે માસે લેશે. |

૮. મુલાકાત વખતે ઉપરોક્ત દરેક મુદ્દા અંગે એસ.આર.પી. ના માણસો સાથે ખાતરી કર્યા પછી પોલીસ અમલદાર વિઝીટબુકમાં નોંધ કરશે તેમજ પોતાની વિકલી ડાયરી/મંથલી ડાયરીમાં વિઝીટ અંગેની નોંધ કરશે. પોઇન્ટ ચાલુ રાખવાપાત્ર હોય તો તેના કારણો વિકલી ડાયરી/મંથલી ડાયરીમાં લખશે તથા તેઓશ્રી આ અંગેનો રીપોર્ટ નિયમીત પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીને મોકલશે.

૯. એસ.આર.પી. ના અધિકારીઓ તેમને જ્યારે સક્રિય ફરજ ઉપર મૂકવામાં આવે ત્યારે જે તે પોઇન્ટના સિનિયર મોસ્ટ એસ.આર.પી. અધિકારી જે હેડ કોન્સ્ટેબલથી નીચેના હોદ્દાના ન હોય તેમને એસ.આર.પી. એક્ટ ૧૯૫૧ ની કલમ ૧૧ મુજબ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જની તમામ કાયદાકીય સત્તાઓ પ્રાપ્ત થાય છે. સક્રિય ફરજની પરિભાષા એસ.આર.પી. એક્ટની કલમ ૨ માં આપેલ છે. જે મુજબ એસ.આર.પી. અધિકારી જ્યારે કાયદો અને વ્યવસ્થા, ઇન્વેસ્ટીગેશન અને હોનારતની કામગીરીમાં ફરજ ઉપર હોય તો આ ફરજ સક્રિય ફરજ તરીકે ગણવામાં આવશે. એસ.આર.પી. એક્ટ ૧૯૫૧ ની સબંધકર્તા કલમ ૨, કલમ ૧૦, અને કલમ ૧૧ ના ઉતારા આ સાથે આપેલ છે કે જેથી કાયદો અને વ્યવસ્થાની ફરજો દરમિયાન જરૂર પડે તેના ઉપયોગ કરી શકાય.

**કલમ-૨ વ્યાખ્યાઓઃ-**

આ કાયદામાં વિષય અથવા પૂર્વાપર કઇ વિપરીત ન હોય ત્યાં સુધી-

(એ) સક્રિય ફરજ એટલે-

(ક) શાંતિનો ભંગ અથવા જીવન કે મિલકતનો ભય હોય તેવા ગુનાઓને રોકવાની અથવા તેમાં તપાસ કરવાની ફરજ અને આવા ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓની ખોજ કરવાની અને તેમને પકડી લેવાની ફરજ અથવા તો એવી ડેસપરેટ અને ભયંકર વ્યકિતઓ જે નિયંત્રણ વિનાની રહે તો સમાજને માટે જોખમકારક બને, તેમની ખોજ કરવાની અને તેમને પકડી લેવાની ફરજ.

**કલમ-૧૦ સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સના સભ્યોની સામાન્ય ફરજોઃ-**

૧. આ કાયદાના હેતુ માટે દરેક રીઝર્વ પોલીસ ઓફિસર (ગુજરાત રાજયમાં) હંમેશા ફરજ પર છે તેમ માનવામાં આવશે અને કોઇપણ રીઝર્વ પોલીસ ઓફિસર અને રીઝર્વ પોલીસ ઓફિસરના દળના કોઇપણ સભ્યને જો રાજય

સરકાર કે ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ એમ સૂચના આપે તો એની સેવાની જે કોઇ જગાએ જરૂરત હશે ત્યાં અને તેટલા સમય માટે તેને સક્રિય ફરજ પર રાખવામાં આવશે.

૨. પેટા કલમ (૧) હેઠળ કાઢવામાં આવેલી કોઇપણ સૂચનામાં જે કોઇ રીઝર્વ પોલીસ ઓફિસર અથવા આવા ઓફિસરનું બોડી જેને કામે લગાડવામાં આવ્યું છે તે કાયદાના હેતુ માટે સક્રિય ફરજ પર છે, એમ સ્પષ્ટ જણાવશે.

**ખુલાસો :-** કોઇપણ પોલીસ ઓફિસરની જરૂર છે કે નહિ અથવા તે સક્રિય ફરજ પર છે કે નહિ તે બાબતમાં રાજય સરકારની અથવા તો ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસની સૂચનાઓ છેવટે ગણાશે.

**કલમ-૧૧ રીઝર્વ પોલીસ અધિકારીએ પોલીસ સ્ટેશનના ચાર્જમાં છે તેમ માનવામાં આવશેઃ**

રીઝર્વ પોલીસ અધિકારી બળ વાપરી શકે તેવા સંજોગો:

૧. કલમ ૧૦ ની પેટા કલમ (૧) હેઠળ જયારે ફરજ પર મૂકવામાં આવે ત્યારે ઉચ્ચતમ રેન્કનો સીનીયર રીઝર્વ પોલીસ ઓફિસર, જે નાયકથી નીચેના હોદ્દાનો ન હોય જે હાજર હોય તે ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૮૯૮ ના પ્રકરણ ૯ ના હેતુઓ માટે પોલીસ સ્ટેશનના ચાર્જમાં હોય તેવા ઓફિસર છે તેમ માનવામાં આવશે.

૨. ભારતીય દંડ સંહિત (૧૮૬૦ નો ૪૫ મો) ની કલમો ૧૦૦ અને ૧૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોય તે છતાં ઉપર જણાવ્યા પ્રમાણેનો રીઝર્વ પોલીસ ઓફિસર અથવા તો કોઇપણ રીઝર્વ પોલીસ ઓફિસર, જયારે તેના પોતાના પર હૂમલો થવાનો તેને વાજબી ભય લાગે અથવા કોઇ મિલકતને કે વ્યક્તિના જાનમાલ જેને સાચવવાની પોતાની ફરજ છે તેને નુકશાન કે ઇજા થવાનો તેને વાજબી ભય લાગે ત્યારે ખોટું કાર્ય કરનાર સામે અથવા હુમલાખોર સામે અથવા તેને એવા ખોટા કામમાં મદદગાર થનારની સામે જરૂરી હોય તેવું બળ વાપરશે, પછી ભલેને આવું બળ વાપરવાથી ખોટું કરનારના અથવા હુમલાખોરના મૃત્યુનો ભય હોય.

૧૦. ઉપરોક્ત તમામ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે. સૂચનાઓની અમલવારીમાં ઢીલાશ ફરજ પ્રત્યે ગંભીર બિફકાળજી અને નિષ્ક્રિયતા જણાશે

અને તેની નોંધ સબંધકર્તા પોલીસ અમલદારોના વાર્ષિક ખાનગી અહેવાલમાં કરવાની ફરજ પડશે. જે અંગે નોંધ લેવા જણાવવામાં આવે છે.

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (પ. રેલવે, વડોદરા સહિત)

**<u>નકલ રવાના (જાણ સારૂ):</u>**

- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

  ૨/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩. આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અતેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર